ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### પેટલાદ પાલિકાની ચુંટણીમાં 26મીએ ‘સ્પેશ્યલ 26’ માટે મતદાન

# પેટલાદમાં ભાજપ વિરોધી બેનર લાગ્યાં !

**શહેરના રાજકીય** સમીકરણમાં ધરખમ બદલાવ



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.16

પેટલાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણીનો પ્રચાર - પ્રસાર આજથી શરૂ થઈ ગયો છે. શહેરના 9 વોર્ડમાં ભાજપ, કોંગ્રેસ સહિત અપક્ષોએ બેઠકો કબ્જે કરવા પહેલાં દિવસથી જ પરચો બતાવવા માંડ્યો છે. આ વખતે 36 માંથી 10 બેઠકો ભાજપે બિનહરીફ કરાવી સ્પષ્ટ બહુમત માટે ખાતું ખોલાવી દીધું છે. જો કે ભાજપ દ્વારા જે રીતે શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવી બેઠકો બિનહરીફ કરાવી છે તેનો આક્રોશ મતદારોમાં જોવા મળી રહ્યો છે. હવે 26 બેઠકો માટે 26મી એપ્રિલના રોજ મતદાન હાથ ધરવામાં આવશે. પરંતુ આ 26 બેઠકો ઉપર ભાજપ અને અપક્ષો વચ્ચે જોરદાર જંગ છેડાવાનો છે. બીજી તરફ આ વખતની ચુંટણીમાં ભાજપની યંગ બ્રિગેડીયરે જુના જોગી નેતાઓને પાછળ છોડી રાજકીય સમીકરણો બદલી નાંખ્યા છે.

પેટલાદ શહેરના વોર્ડ નં.2, 7 અને 9મા ભાજપ સામે સૌથી મોટો પડકાર અપક્ષ ઉમેદવારો છે. થોડા દિવસ અગાઉ શહેરની યોગી વિલા સોસાયટી બહાર સ્થાનિક રહીશોએ બેનર લગાવી મતદાનનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જ્યારે ગતરોજ રાત્રે વોર્ડ નં.2માં રેલ્વે ફાટક પાસે પણ મતદારોએ બેનર લગાવી ભાજપ શાસનનો વિરોધ કર્યો હતો. પરંતુ આ બંન્ને સ્થળોએ ભાજપ દ્વારા શાખ બચાવવા ડેમેજ કંટ્રોલ કરી બેનરો ગણતરીના કલાકોમાં ઉતરાવી લીધા હતા. પરંતુ શહેરમાં વર્તમાન સ્થિતી મુજબ મતદારોમાં ભાજપની શામ, દામ, દંડ, ભેદની નીતિ સામે આક્રોશનો પવન ફુંકાયો હોવાનું જાણવા મળે છે. ભાજપને ચુંટણી પહેલા 36 માંથી ભલે 10 બેઠકો બિનહરીફ મળી ગઈ હોય, પરંતુ હવે 26 મીએ યોજાનાર Special 26 માટેના મતદાન બાદ કેટલી બેઠકો ભાજપના ફાળે જાય છે એના ઉપર નગરજનોની મીટ મંડાયેલી છે.

#### ભ્રષ્ટાચાર બાદ પ્રેસર પોલિટીક્સ

પેટલાદ નગરપાલિકામાં ગત પાંચ વર્ષના શાસનમાં ભ્રષ્ટાચારની બધી જ સીમાઓ પાર કરી દીધી હોવાનું જાણવા મળે છે. નગરજનોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં પાલિકા સદંતર નિષ્ફળ રહ્યું હતું. આટલું જાણે કે અપુરતું હોય તેમ ચુંટણી ટાણે ભાજપના ઉમેદવારો અને નેતાઓ દ્વારા પ્રેસર પોલીટીક્સનો સહારો લઈ કેટલાક ઉમેદવારોને ફોર્મ પરત ખેંચાયા હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત હવે બાકી રહેલ બેઠકોના મતદાન પૂર્વે પણ પ્રેસર પોલીટીક્સ થવાની દહેશત અપક્ષો સેવી રહ્યા હોવાની વાત ચર્ચાનો વિષય બન્યો છે.

#### દારૂના પેડલરોને મેન્ડેટ આપતા વિરોધ

પેટલાદ પાલિકાની ચુંટણીમાં કેટલાક ઉમેદવારો દારૂ જેવા બેનંબરી વેપલા સાથે સંકળાયેલા છે. જેથી આવા ઉમેદવારો આવનાર દિવસોમાં દારૂની રેલમછેલ કરે તો નવાઈ નહીં ! જોવાનું એ રહેશે કે આવનાર દિવસો દરમ્યાન કેટલાક ઉમેદવારો દારૂ, ચવાણાં સાથે નાણાંની કોથળી ખુલ્લી મુકી મતદારો ખરીદી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી શકે તેમ હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

### અધિકારીઓ ભાજપના ‘દલાલ’ બન્યા હોવાનો ગંભીર આક્ષેપ

# વડથલ બેઠક પર કોંગ્રેસના ટેકેદારે ફોર્મ પરત ખેંચતા હાઈડ્રામા સર્જાયો

**કાળા કાચની** ગાડીમાં પોલીસ સુરક્ષા સાથે ટેકેદારોને લવાતા ઘર્ષણ



(પ્રતિનિધિ) નડિયાદ તા.16

મહુધા તાલુકા પંચાયતની વડથલ બેઠક પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે જ રાજકીય માહોલ ગરમાયો છે.

મહુધા વડથલ બેઠકના કોંગ્રેસના ટેકેદારોને બે કાળા કાચ ધરાવતી ખાનગી ગાડીઓમાં ખાસ પોલીસ સુરક્ષા સાથે ચૂંટણી અધિકારી સમક્ષ લાવવામાં આવ્યા હતા. અહીં ટેકેદારે ફોર્મ નંબર 6 રજૂ કરી ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. આ ઘટનાની જાણ થતા જ પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમાર કાર્યકરો સાથે દોડી આવ્યા હતા અને પોલીસની કામગીરીનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેશતા અટકાવવામાં આવતા પૂર્વ ધારાસભ્ય અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આ સમયે ઈન્દ્રજીતસિંહ પરમારે આક્ષેપ કર્યો હતો કે, પોલીસ ખાખી વર્દીની મર્યાદા ભૂલી ભાજપની દલાલી કરી રહી છે અને વહીવટી તંત્ર સત્તાધારી પક્ષના ઈશારે લોકશાહીનું ચિરહરણ કરી રહ્યું છે.

આમ, ટેકેદારોને જે રીતે પોલીસ સુરક્ષામાં લવાયા તે સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. કોંગ્રેસે આ સમગ્ર ઘટનાક્રમને ભાજપની રમત ગણાવી આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી આપી છે. વડથલ બેઠક પર ઉમેદવારી પરત ખેંચાતા હવે ચૂંટણીના સમીકરણોમાં મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે.

# ખંભાતના નગરા ગામમાં બોગસ ડોક્ટર ઝડપાયો

**પોલીસે રૂ.18,920નો** મુદ્દામાલ જપ્ત કરી બંને ભાઈઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.16

આણંદ જિલ્લાની પેરોલ ફર્લો સ્કોડ અને મેડિકલ ટીમે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ખંભાત તાલુકાના નગરા ગામેથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા એક ‘બોગસ ડોક્ટર’ને ઝડપી પાડ્યો છે.

પોલીસને મળેલી બાતમીના આધારે નગરા ગામના ભાથીજી ફળીયામાં કાર્યરત ‘ભાથીજી ક્લીનિક’ પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ક્લીનિક ચલાવતો સંજયભાઈ નગીનભાઈ મકવાણા નામનો ઈસમ ઝડપાયો હતો. પોલીસની પૂછપરછમાં બહાર આવ્યું હતું કે, સંજય પાસે કોઈ માન્ય મેડિકલ ડિગ્રી નહોતી. તે તેના નાના ભાઈ અર્જુનભાઈના નામનું ચૌધરી ચરણસિંહ વિશ્વ વિદ્યાલય, મેરઠનું આયુર્વેદિક મેડિસિન અને સર્જરીનું સર્ટીફિકેટ વાપરીને ગેરકાયદેસર રીતે એલોપેથીક પ્રેક્ટિસ કરતો હતો.

આ બોગસ ડોક્ટર દ્વારા દર્દીઓને એલોપેથીક દવાઓ અને ઈન્જેક્શન આપી તેમના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવામાં આવતું હતું. પોલીસે ક્લીનિકમાંથી સ્ટેથોસ્કોપ, બી.પી. ઈન્સ્ટ્રુમેન્ટ અને વિવિધ એલોપેથીક દવાઓ સહિત કુલ રૂપિયા 18,920નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખંભાત રૂરલ પોલીસે આ મામલે બંને ભાઈઓ વિરુદ્ધ ગુજરાત મેડીકલ પ્રેક્ટિશનર એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ફોર્મ ખેંચાયા બાદ ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થતાં પ્રચાર કાર્ય જોરશોરથી શરૂ

# આણંદમાં ચૂંટણીનો જંગ જામ્યો

**આણંદ** સ્થાનિક સ્વરાજ્યમાં 40 બેઠક બિનહરીફ થઇ

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આગામી ચૂંટણી માટે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા હવે ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. આગામી 26મી એપ્રિલ, 2026ના રોજ યોજાનારા મતદાન માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવી છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે અનેક મુરતિયાઓએ મેદાન છોડતા હવે રાજકીય પક્ષો અને અપક્ષો વચ્ચે સીધો જંગ જામશે. મોટાભાગની બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત અપક્ષો પણ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની 52 બેઠકમાં 12 બિનહરીફ થઈ છે. જ્યારે બાકીની 40 બેઠક માટે 100 ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. જેમાં કોંગ્રેસના 36, આમ આદમી પાર્ટીના 15 અને અપક્ષના આઠ ઉમેદારનો સમાવેશ થાય છે. કરમસદ - આણંદ મહાનગરપાલિકાના 13 વોર્ડની 52 બેઠક માટે કુલ 181 ઉમેદવારી ફોર્મ ભરાયાં હતાં. જેમાં રદ્દ થવા ઉપરાંત પરત ખેંચતા છેલ્લે 100 ઉમેદવાર મેદાનમાં રહ્યાં છે.

આણંદ જિલ્લા પંચાયતની 40 બેઠકો પર 98 ઉમેદવારો મેદાનમાં છે. આણંદ જિલ્લા પંચાયતની કુલ 40 બેઠકો માટે રસાકસી જોવા મળી રહી છે. ફોર્મ ચકાસણીના દિવસે 62 રદ્દ થયાં હતાં. જ્યારે 5 પરત ખેંચાયાં હતાં. જેના પગલે આણંદ જિલ્લા પંચાયતની 3 બેઠક બિનહરિફ થઇ હતી. જ્યારે બાકીની બેઠક પર ભાજપના 37, કોંગ્રેસના 37, અપક્ષના 3 મળી કુલ 98 ઉમેદવાર મેદાનમાં રહ્યાં છે. જિલ્લા પંચાયતમાં સરેરાશ દરેક બેઠક પર ૨ થી ૩ ઉમેદવારો વચ્ચે મુકાબલો જોવા મળી રહ્યો છે.

આણંદની આઠ તાલુકા પંચાયતમાં ઉમેદવારી માટે રીતસર હોડ જોવા મળી હતી. આઠેય તાલુકા પંચાયતની કુલ 192 બેઠક માટે 643 ઉમેદવારે 651 ફોર્મ ભર્યાં હતા. જેમાં 190 રદ્દ થયાં હતાં. જ્યારે 23 પરત ખેંચાયા હતાં. જેના પગલે 12 બેઠક બિનહરિફ થઇ હતી. બાકીની બેઠક માટે 428 ઉમેદવાર મેદાનમાં રહ્યાં છે. જેમાં ભાજપના 181, કોંગ્રેસના 179, આમ આદમી પાર્ટીના 45 અને અપક્ષના 18નો સમાવેશ થાય છે.

આણંદની છ નગરપાલિકાના કુલ 46 વોર્ડ પર 184 બેઠકની સામાન્ય ચૂંટણી યોજાવાનારી હતી. જેમાં કુલ 485 ઉમેદવારે 498 ફોર્મ ભર્યાં હતાં. ચકાસણીના દિવસે 32 રદ થયાં હતાં 466 માન્ય રહ્યાં હતાં. પરંતુ પરત ખેંચવાના દિવસે 38 ફોર્મ પરત ખેંચાયાં હતાં. જેમાં સૌથી વધુ પેટલાદમાં 16 અને બોરસદમાં 13નો સમાવેશ થાય છે. આ સાથે ખંભાત, પેટલાદ, બોરસદ, ઉમરેઠ, સોજિત્રા અને તારાપુર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં 13 બેઠક બિનહરિફ થઇ હતી. જ્યારે બાકીની બેઠકમાં 415 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપના 159, કોંગ્રેસના 114, આમ આદમી પાર્ટીના 19 અને અપક્ષ 108નો સમાવેશ થાય છે.

# માતરમાં પતિએ પત્નિનું ગળુ દબાવી મારમાર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

માતર તાલુકાના રતનપુર ગામે સાસરીયાઓ દ્વારા પરણિતાને ઘરકામ તેમજ દહેજ બાબતે મેણાં-ટોણાં મારી અમાનુષી ત્રાસ ગુજારવાની ઘટના સામે આવી છે. પતિના અન્ય યુવતી સાથેના પ્રેમસંબંધનો પત્નીએ વિરોધ કરતા તેને બેરહેમીથી માર મારી બેભાન હાલતમાં ઘરમાંથી કાઢી મૂકવામાં આવતા આ મામલે માતર પોલીસ મથકે પહોંચ્યો છે.

વિગતો મુજબ, નેનપુર ગામે પિયર ધરાવતી અનીશાબાનુના લગ્ન 29મી ડિસેમ્બર 2024ના રોજ રતનપુરના વકારખાન પઠાણ સાથે થયા હતા. આ લગ્નના થોડા સમય બાદ જ સસરા મુબારકખાન અને સાસુ રઈશાબીબીએ જાનની સરભરા તેમજ રસોઈ બાબતે ઝઘડા કરી હેરાનગતિ શરૂ કરી હતી. પતિ વકારખાને દહેજમાં બુલેટ, સોનાનો દોરો, એસી અને એલઈડી જેવી વસ્તુઓ પિયરમાંથી લાવવા દબાણ કરી શારીરિક-માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. દરમિયાન, અનીશાબાનુને તેના પતિના શીફા નામની છોકરી સાથેના પ્રેમસંબંધની જાણ થઈ હતી. આ અંગે પૂછતા પતિએ ઉશ્કેરાઈ જઈ પત્નીનું ગળું દબાવી દીવાલ સાથે અદ્ધર કરી માર માર્યો હતો અને છૂટાછેડા આપવા દબાણ કર્યું હતું. ગત 19 ઓગસ્ટ 2025ના રોજ સાસરીયાઓએ નજીવી બાબતે ઝઘડો કરી અનીશાબાનુને બેરહેમીથી માર મારી બેભાન હાલતમાં ઘરમાંથી કાઢી મૂકી હતી. પીડિતાને ખેડા સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ, તેણે સાસરિયાઓ વિરુદ્ધ દહેજ અને મારપીટની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

### બાલાસિનોરમાં તસ્કરોએ બે મકાનને નિશાન બનાવતાં ફફડાટ

# બાલાસિનોર :બંધ મકાનમાંથી ₹ 1.90 લાખની મતાની ચોરી

**બેંક મેનેજર પરિવાર** સાથે બહારગામ ગયા હતા ત્યારે તસ્કરોએ નિશાન બનાવ્યું

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.16

બાલાસિનોર શહેરના ભટ્ટવાડા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવીને પોલીસ પેટ્રોલિંગના દાવાઓની પોલ ખોલી નાખી છે. બેંક મેનેજરના બંધ મકાનનો નકુચો તોડી અજાણ્યા તસ્કરો સોના-ચાંદીના દાગિના સહિત કુલ રૂપિયા 1,90,100ની મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયા છે, જે અંગે બાલાસિનોર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બાલાસિનોરના ભટ્ટવાડા વિસ્તારમાં રહેતા અને બેંક મેનેજર તરીકે ફરજ બજાવતા ગોપાલભાઈ ઓચ્છવલાલ શાહ ગત 14મી એપ્રિલના રોજ પોતાના પરિવાર સાથે અમદાવાદ ખાતે રહેતા બનેવીની ખબર-અંતર પૂછવા ગયા હતા. આ દરમિયાન તેમનું મકાન બંધ હતું, જેનો લાભ તસ્કરોએ ઉઠાવ્યો હતો. ગોપાલભાઈ જ્યારે અમદાવાદથી પરત આવી રહ્યા હતા, ત્યારે તેમના પાડોશમાં રહેતા કાશ્મીરાબેને ફોન દ્વારા જાણ કરી હતી કે તેમના ઘરનો દરવાજો ખુલ્લો છે.

આ અંગે ગોપાલભાઈના પરિવારે ઘરે આવીને તપાસ કરતા જોયું તો ઘરના દરવાજાનો નકુચો તૂટેલો હતો અને અંદર સામાન વેરણછેરણ હાલતમાં પડ્યો હતો. તસ્કરોએ કબાટમાંથી સોનાની ચેઈન, મંગળસૂત્ર, વીંટીઓ અને ચાંદીના ઝાઝર સહિત કુલ 1,90,100 રૂપિયાની મત્તાની ચોરી કરી હોવાનું માલૂમ પડ્યું હતું. માત્ર ગોપાલભાઈ જ નહીં, પરંતુ બાલાસિનોરમાં રહેતા જયેશભાઈ ઉપાધ્યાયના ઘરે પણ ચોરી થઈ હોવાની માહિતી સામે આવી છે. એક જ રાતમાં બનેલી આ ઘટનાઓને પગલે પંથકમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ મામલે બાલાસિનોર પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધી તેમને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# સ્માર્ટ સિટીના રોડમેપ સાથે ભાજપનું ‘સંકલ્પપત્ર’ જાહેર

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર,** સ્વચ્છતા અને જનસુવિધા પર અપાયું વિશેષ ભાર મુકાયો

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદ-કરમસદ મનપા માટે પોતાનું ભવ્ય ‘સંકલ્પ પત્ર’ ભાજપ દ્વારા જાહેર કરાયું છે. આ સંકલ્પ પત્રમાં શહેરના ભાવિ વિકાસને ધ્યાનમાં રાખીને એક મજબૂત અને દૂરંદેશી રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આણંદ અને કરમસદને આધુનિક સુવિધાઓથી સજ્જ ‘સ્માર્ટ સિટી’ બનાવવાનો છે.

આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી વર્ષાબેન દોશી, જિલ્લા પ્રમુખ સંજય પટેલ, કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, સાંસદ મિતેશભાઈ પટેલ, પ્રદેશ મંત્રી નીરવ અમીન, ધારાસભ્ય યોગેશ પટેલ અને ચૂંટણી પ્રભારી લાલસિંહ વડોદરીયા સહિતના સંગઠનના હોદ્દેદારો અને મનપાના ઉમેદવારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આણંદ ભાજપ દ્વારા જાહેર કરાયેલા રોડમેપમાં નાગરિકોની પાયાની જરૂરિયાતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જેમાં વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મુખ્ય માર્ગોનું નવીનીકરણ અને ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ઓવરબ્રિજ તેમજ અદ્યતન ટ્રાન્સપોર્ટ સુવિધા. ઉપરાંત પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા, અદ્યતન ડ્રેનેજ સિસ્ટમ અને સ્ટ્રીટ લાઈટના નેટવર્કને વધુ મજબૂત બનાવવું. ‘ક્લીન સિટી’ અભિયાન હેઠળ કચરાના નિકાલ માટે આધુનિક પ્લાન્ટ અને જાહેર બગીચાઓનું બ્યુટિફિકેશન. સિંગલ-વિન્ડો સિસ્ટમ અને ઓનલાઈન સેવાનો વ્યાપ વધારવાનો છે.

# વાંઠવાળી ગામમાં સગીરાના અપહરણમાં 10 વર્ષની કેદ

**વાંઠવાળીની સગીરાના** અપહરણ અને છેડછાડ કેસમાં કેદ ઉપરાંત 20 હજારનો દંડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામે 15 વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી, તેનું અપહરણ કરી શારીરિક અડપલાં કરનાર શખ્સને નડિયાદની સ્પેશિયલ પોકસો કોર્ટે તકસીરવાન ઠેરવી 10 વર્ષની સખત કેદ અને કુલ 20 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આ કેસની વિગત મુજબ, વાંઠવાળી ગામના આરોપી દિલીપ ઉર્ફે લોટીયો રઈજીભાઈ પરમારે ગત તારીખ 30મી જુલાઇ, 2024ના રોજ રાત્રિના 2 વાગ્યાના સુમારે આ જ ગામની 15 વર્ષ અને 5 માસની સગીરાને ગ્રામ પંચાયત પાસે મળવા બોલાવી હતી. બાદમાં સગીરા સાથે છેડછાડ કરી તેને પોતાની મોટરસાયકલ (જીજે ૦૭ એડી ૨૩૧૪) પર બેસાડી અપહરણ કરી ભગાડી ગયો હતો. આ મામલે મહેમદાવાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

નડિયાદના ત્રીજા એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ પોકસો જજ પી.પી. પુરોહિતની કોર્ટમાં આ કેસ ચાલવા પર આવ્યો હતો. સરકારી વકીલ યોગી કે. બારોટની ધારદાર દલીલો અને ભોગ બનનારની જુબાની તેમજ પુરાવાઓને આધારે કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો. અદાલતે ભારતીય ન્યાય સંહિતાની કલમ 77 હેઠળ 10 વર્ષની કેદ અને કલમ 137 (2) હેઠળ 7 વર્ષની કેદ સહિત વિવિધ દંડ ફટકાર્યા છે. તમામ સજાઓ સાથે ભોગવવાની હોવાથી આરોપીએ મહત્તમ 10 વર્ષની જેલ ભોગવવી પડશે.

**ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લી. નડીઆદ.**
સરદાર પટેલ સહકાર ભવન, મીશનરોડ, નડીઆદ.૩૮૭ ૦૦૨.

**બેંકના મૂલ્યવાન ગ્રાહકો-સભાસદો માટે જાણવા જોગ**

બેંકના સીબીએસનું માઈગ્રેશન આપના સાથ સહકારથી સફળતા પૂર્વક પૂર્ણ થયેલ છે.

**બેંકના ખાતેદારો હવે,**

(1) ATM, MICRO ATM નો ઉપયોગ અગાઉની માફક કરી શકે છે.
(2) RTGS/NEFT/UPI ની સવલત શરૂ કરી દીધેલ છે
(3) NACH અને CTS ક્લીયરિંગ સેવા પુનઃ શરૂ થઈ ગયેલ છે.
(4) UPI નો ઉપયોગ થઈ શકશે.

**ખાતેદારો આટલું કરશો.**

(1) UPI સર્વિસ માટે GPAY, PHONE PE વગેરે PSP એપ્લિકેશનમાંથી KDCC બેંકનું એકાઉન્ટ રિમૂવ કરી ફરી એડ કરવું. ત્યારબાદ જ UPI સર્વિસનો પુનઃ ઉપયોગ કરી શકશો.
(2) બેંક દ્વારા SMS (સંદેશ) મારફતે તમામ ખાતેદારોને નવા બચત ખાતા નંબરની જાણ કરેલ છે. જેથી હવે પછી નાણાંકીય વ્યવહાર માટે નવા ખાતા નંબરનો ઉપયોગ કરશો. જો આપને નવા ખાતા નંબરની માહિતી મળેલ ન હોય તો બેંકની નજીકની શાખાનો સંપર્ક કરશો.

“બેંકની પ્રાથમિકતા મજબુત સાઈબર સુરક્ષા”

તા.૧૬-૦૪-૨૦૨૬ “સહકાર બદલ આભાર”

સ્થળ : નડિયાદ **સી.ઇ.ઓ**

# નડિયાદની બધિર શાળાના રમતવીરોનો રાષ્ટ્રીય સ્તરે દબદબો દેખાયો

**એથ્લેટિક્સમાં 2 ગોલ્ડ** અને ચેસમાં 3 ગોલ્ડ મેડલ સાથે ગુજરાતને ગૌરવ અપાવ્યું



(પ્રતિનિધિ) નડિયાદ તા.16

નડિયાદની બધિર શાળાના તેજસ્વી રમતવીરોએ રાષ્ટ્રીય કક્ષાની ચેસ અને એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મેડલ્સની વણઝાર લગાવી દીધી છે. આ રમતવીરોએ પોતાની અસાધારણ પ્રતિભાના જોરે રાષ્ટ્રીય ફલક પર શાળા અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે, જે બદલ ખેડા એસપી સહિતના મહાનુભાવો દ્વારા તેઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં નડિયાદની બધિર શાળાના 4 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સમીર ભાભોરે 100 મીટર દોડ માત્ર 11.67 સેકન્ડમાં પૂર્ણ કરી નવો નેશનલ રેકોર્ડ સ્થાપિત કર્યો છે. આ ઐતિહાસિક સિદ્ધિના આધારે તેની આગામી વર્ષે મલેશિયા ખાતે યોજાનારી એશિયન પેસિફિક હરીફાઈમાં ભારત વતી પસંદગી કરવામાં આવી છે. એથ્લેટિક્સમાં શાળાના રમતવીરોએ કુલ 2 ગોલ્ડ અને 2 બ્રોન્ઝ મેડલ જીત્યા છે.

માત્ર એથ્લેટિક્સ જ નહીં, પરંતુ બૌદ્ધિક રમત ચેસમાં પણ આ વિદ્યાર્થીઓએ કમાલ કરી છે. નાગપુર ખાતે યોજાયેલી નેશનલ ચેસ ચેમ્પિયનશિપમાં 19 રાજ્યોના 260 ખેલાડીઓ વચ્ચે નડિયાદના 7 બાળકોએ ભાગ લીધો હતો. આ રમતવીરોએ 3 ગોલ્ડ અને 5 સિલ્વર મેડલ મેળવીને ગુજરાત રાજ્યને ચેસમાં વિજેતા બનાવ્યું હતું. આ ઉપરાંત ચિત્રકલાના ક્ષેત્રમાં પણ શાળાના બાળકોએ રાષ્ટ્રીય સ્તરે મેડલ્સ મેળવી સંસ્થાની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો છે.